


# ગજબની ગુજરાતી ગો-કાર્ટ ગર્લ

## વડોદરાની કાઠિયાવાડી રાજપૂત પરિવારની ૧૦ વર્ષની મીરા એરડા મોટરસ્પોર્ટમાં ભારતના ટૉચના ૫૦ ડ્રાઇવરોમાં યંગેસ્ટ અને એકમાત્ર છોકરી છે : નૅશનલ અને ઇન્ટરનૅશનલ લેવલ પર તે ૧૦૦ કરતાં વધુ સ્પીડે કાર્ટ ચલાવીને ઘણા કાર-રેસિંગ એક્સપર્ટ્સને ચોંકાવી ચૂકી છે

**અજય મોતીવાલા**

વડોદરામાં રહેતી મીરા એરડા નામની ૧૦ વર્ષની કન્યા ભારતીય મોટરસ્પોર્ટમાં ગુજરાતનું અને આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતનું તેમ જ ગુજરાતી સમુદાયનું નામ રોશન કરી રહી છે. માત્ર સવા વર્ષ પહેલાં ગો-કાર્ટિંગની તાલીમ શરૂ કરનાર આ કાઠિયાવાડી રાજપૂત કન્યા ભારતમાં યોજવામાં આવતી નૅશનલ લેવલની મોટરસ્પોર્ટની હરીફાઈઓમાં યંગેસ્ટ અને એકમાત્ર છોકરી તો છે જ, સાથે ઇન્ટરનૅશનલ લેવલના મોટરસ્પોર્ટમાં પણ તે યંગેસ્ટ ઇન્ડિયન છે.

મીરા મોટરસ્પોર્ટના ભારતના ટૉચના ૫૦ ડ્રાઇવરોમાં ગુજરાતની એકમાત્ર ડ્રાઇવર છે. તે આ તમામ ડ્રાઇવરોમાં યંગેસ્ટ અને એકમાત્ર છોકરી છે.

મીરા વડોદરાની રોઝરી હાઈ સ્કૂલમાં છઠ્ઠા ધોરણમાં ભણે છે. છેલ્લા સવા વર્ષથી ગો-કાર્ટિંગની ટ્રેઇનિંગ અને કૉમ્પિટિશન્સમાં બિઝી રહેતી મીરા ભણવામાં પણ હોશિયાર છે અને દર વર્ષે ૭૫ ટકા માર્ક્સ લાવે છે.

### ૧૦ વર્ષની ઉંમરે ૧૧૦ની સ્પીડ

મીરામાં ફોર-સ્ટ્રોક કાર્ટિંગ-રેસમાં અત્યંત જરૂરી સંયમ અને સાહસ જેવા ગુણો તો છે જ, તે ખૂબ અગ્રેસિવ પણ છે જેને કારણે તે નવ વર્ષની નાની ઉંમરથી જ અનુભવી રેસિંગ-ડ્રાઇવરોની જેમ વિરલ સિદ્ધિઓ હાંસલ કરી રહી છે. ઇન્ટરનૅશનલ સર્કિટ પર તે કલાકે વધુમાં વધુ ૧૧૦ કિલોમીટરની સ્પીડે કાર્ટ ચલાવી ચૂકી છે.

મીરાના પિતા કિરીટ એરડા કેબલ નેટવર્કના બિઝનેસમાં છે. તેઓ વડોદરામાં એરડાઝ સ્પીડ રેસર્સ નામનો ગો-કાર્ટ ટ્રૅક પણ ધરાવે છે.

### ગો-કાર્ટિંગ શું છે?

**ગો-કાર્ટિંગ** અથવા કાર્ટ-રેસિંગ એવા પ્રકારની ઓપન-વ્હીલ મોટરસ્પોર્ટ છે જેમાં સામાન્ય રીતે ગો-કાર્ટ (ચાર પૈડાંનું રેસ માટેનું વાહન) ઍમ્યુઝમેન્ટ પાર્કમાં સામાન્ય પ્રજાના મનોરંજન માટે રાખવામાં આવે છે અને એમાં ગો-કાર્ટની સ્પીડ વધુમાં વધુ કલાકે ૨૪ કિલોમીટરની હોય છે. જોકે સ્પર્ધા માટેના લૉન્ગ-સર્કિટના ટ્રૅક્સ પર દોડતાં ટૂ-સ્ટ્રોક એન્જિન તથા છ ગિયરવાળાં વાહનોની સ્પીડ કલાકે ૧૮૫ કિલોમીટર સુધીની હોય છે. સુપરકાર્ટની ઝડપ કલાકે ૨૬૦ કિલોમીટર સુધીની હોય છે. મોટરસ્પોર્ટમાં કરીઅર બનાવવાની મહત્ત્વાકાંક્ષા રાખનારાઓ માટે ગો-કાર્ટિંગ પ્રથમ પગથિયું કહેવાય છે.

**સૌથી** પહેલી ગો-કાર્ટ અમેરિકાના આર્ટ ઇન્જેલ્સ નામના રેસિંગકારના ડિઝાઇનરે ૧૯૫૬ની સાલમાં કૅલિફૉર્નિયાની એક ફૅક્ટરીમાં તૈયાર કરી હતી.

### પરિવાર સ્પૉન્સરની તલાશમાં

મીરાને ગો-કાર્ટિંગમાં સફળ કરીઅર શરૂ કરાવવામાં તેના પિતા ઉપરાંત મમ્મી નીમા એરડાનું પણ ઘણું મોટું યોગદાન છે. નીમાબહેન કહે છે, 'મીરાએ ગયા વર્ષે માત્ર નવ વર્ષની ઉંમરે મોટરસ્પોર્ટના રેસિંગની ટ્રેઇનિંગ શરૂ કર્યા બાદ ગણતરીના મહિનાઓમાં ગજબની પ્રગતિ કરી છે. તે હવે આવનારા થોડા મહિનાઓમાં નૅશનલ ચૅમ્પિયનશિપ્સ ઉપરાંત ઇન્ટરનૅશનલ રેસ સહિતની કુલ ૧૦ રેસમાં ટૉચની પોઝિશનો પર આવવા મક્કમ છે. ગયા વર્ષે અમે તેની તાલીમ તેમ જ શૅસિ, એન્જિન, રેસિંગ ગિયર્સ, રેસિંગ-ફી અને ટ્રાવેલિંગ પાછળ ૧૨ લાખ રૂપિયા કરતાં પણ વધુ ખર્ચ કર્યો હતો. જોકે હવે નૅશનલ અને ઇન્ટરનૅશનલ લેવલ પર વધુ મોટી સિદ્ધિઓ મેળવવા મીરાને ઉચ્ચ સ્તરની તાલીમની જરૂર છે અને એ માટે ફન્ડ મેળવવા અમે સ્પૉન્સરોની તલાશમાં છીએ.'

### મીરા એરડાની મુખ્ય સિદ્ધિઓની એક ઝલક

**જૂન ૨૦૧૦ની** સાલમાં ૯ વર્ષની ઉંમરે મીરાએ કોલ્હાપુરમાં ગો-કાર્ટિંગની તાલીમ લેવાની શરૂઆત કરી એના માત્ર પચીસ દિવસની અંદર જેકે ટાયર નૅશનલ રૉટેક્સ મૅક્સ નામની કાર્ટ-રેસિંગ ચૅમ્પિયનશિપમાં તે વધુમાં વધુ કલાકે ૯૦ કિલોમીટરની સ્પીડ હાંસલ કરીને સાતમા નંબરે આવી હતી. એ જ સ્પર્ધામાં તેને 'બેસ્ટ ન્યુ અપકમિંગ ડ્રાઇવર ઑફ ધ યર'ની ટ્રોફી પણ મળી હતી.

**નવેમ્બર ૨૦૧૦માં** મીરાએ મલેશિયામાં ઇન્ટરનૅશનલ ટ્રૅક પર ટ્રેઇનિંગ લીધી હતી અને જપાન, ઑસ્ટ્રેલિયા, મલેશિયા, સિંગાપોર, ઇન્ડોનેશિયા, થાઇલૅન્ડ અને ભારતના ટૉચના કાર્ટ-રેસિંગના ડ્રાઇવરો સાથેની રેસમાં ભાગ લીધો હતો.

**ડિસેમ્બર ૨૦૧૦માં** મીરાએ મલેશિયાની ઇન્ટરનૅશનલ કાર્ટિંગ વર્લ્ડ ફાઇનલ ચૅમ્પિયનશિપમાં ભાગ લીધો હતો અને એકદમ નવી તેમ જ યંગેસ્ટ ડ્રાઇવર હોવા છતાં તેણે રેસમાં કલાકે વધુમાં વધુ ૧૧૦ કિલોમીટરની સ્પીડ સુધી પહોંચીને ચોવીસ ડ્રાઇવરોમાં બાવીસમી પોઝિશન હાંસલ કરી હતી. એ રેસમાં તે એકમાત્ર છોકરી હતી.


મમ્મી નીમા સાથે મીરા

**૨૦૧૧નું** વર્ષ મીરા માટે સુપરહિટ સાબિત થયું છે. હૈદરાબાદમાં મે મહિનાની નૅશનલ કાર્ટિંગ ચૅમ્પિયનશિપમાં તે ત્રીજી આવી હતી. ઑગસ્ટમાં તે હૈદરાબાદની નૅશનલ ચૅમ્પિયનશિપમાં ચોથી અને સપ્ટેમ્બરની આ જ લેવલની રેસમાં સેકન્ડ આવી હતી. હવે તે થોડા દિવસમાં યોજાનારી મલેશિયાની ઇન્ટરનૅશનલ ચૅમ્પિયનશિપ માટેની પ્રૅક્ટિસ કરી રહી છે.

**ભારતના** ફૉર્મ્યુલા-ટૂ વિજેતા અરમાન ઇબ્રાહિમ તેમ જ મલેશિયાના ફૉર્મ્યુલા-વન ઇન્ટરનૅશનલ ડ્રાઇવર ઍરોન લિમ બરોડા-ગર્લ મીરા એરડાની ટૅલન્ટ અને ક્ષમતાથી ખૂબ પ્રભાવિત થયા છે અને રેસિંગમાં તેને તેમણે ભારતના ઉજ્જવળ ભવિષ્ય તરીકે ઓળખાવી છે.